# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-03-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત આગામી સમયમાં સેમીકન્ડકટરના ઉત્પાદનમાં વૈશ્વિક સત્તા બની જશે. – રાજ્યમાં ધોલેરા અને સાણંદ સહિત કુલ ત્રણ સેમીકન્ડક્ટર સુવિધાઓનું પ્રધાનમંત્રીએ વર્ચ્યુઅલી ખાતમુહુર્ત કર્યું.
- સમગ્ર દેશમાં પીએમ સૂરજ પોર્ટલનો વર્ચ્યુઅલી શુભારંભ.
- રાજ્ય સરકારે ટંકારા ગ્રામપંચાયતને ટંકારા નગરપાલિકા અને હિંમતનગરની નગરપાલિકાની હદ વધારવાની મંજુરી આપી.
- રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં તાપી ખાતે પ્રાકૃતિક કૃષિ મહિલા સંમેલન યોજાયું.
- યુથ ઓલિમ્પિક 2029 અને ઓલિમ્પિક 2036 માટે ગુજરાતની યજમાનીની સજ્જતા અંગે ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઇ.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Prime Minister Semi Conductor - 1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે એ દિવસ બહુ દૂર નથી જ્યારે ભારત સેમીકન્ડકટરના ઉત્પાદનમાં વૈશ્વિક સત્તા બની જશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે 'ઇન્ડિયાઝ ટેકેડઃ ચિપ્સ ફોર વિકસિત ભારત' કાર્યક્રમમાં વર્ચ્યુઅલી અંદાજે સવા લાખ કરોડ રૂપિયાની ૩ સેમિકન્ડક્ટર સુવિધાઓનું ભૂમિપૂજન કરાવ્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉમેર્યું કે, મેડ ઇન ઇન્ડિયા અને ડિઝાઇન ઇન ઇન્ડિયા ચિપ્સ ભારતને આત્મ નિર્ભર અને આધુનિકીકરણ તરફ લઈ જવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, સેમિકન્ડક્ટરનાં સંશોધનથી યુવાનોને સૌથી વધુ લાભ થશે. "સેમિકન્ડક્ટર એ માત્ર એક ઉદ્યોગ જ નથી, પણ તે અમર્યાદિત સંભવિતતાઓથી ભરેલાં દ્વાર ખોલે છે."

પ્રધાનમંત્રીએ ઇલેક્ટ્રોનિક્સ અને હાર્ડવેર ઉત્પાદનમાં ભારતના વધતા યોગદાન વિશે પણ વાત કરી હતી,

વધુમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, અત્યારે ભારત દુનિયામાં મોબાઇલનું બીજું સૌથી મોટું ઉત્પાદન કરે છે. ભારતના ક્વોન્ટમ મિશનની શરૂઆત કરાઈ છે.નવીનતાને પ્રોત્સાહન આપવા માટે નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવી છે. ભારતના એઆઈ મિશનના વિસ્તરણ પર વાત કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભારત ટેકનોલોજી

અપનાવવા ઉપરાંત ટેકનોલોજીને આગળ વધારવાની દિશામાં કામ કરી રહ્યું છે.

## Prime Minister Semi Conductor -2

અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રણ સેમિકન્ડક્ટર સુવિધાઓમાં ગુજરાતમાં ધોલેરા અને સાણંદ તેમજ  આસામમાં મોરેગાંવનો સમાવેશ થાય છે.

અમદાવાદના ધોલેરા ખાતે ટાટા ઇલેક્ટ્રોનિક્સ પ્રાઇવેટ લિમિટેડના  કમર્શિયલ સેમિકન્ડક્ટર ફેબના ખાતમુહૂર્ત પ્રસંગે કેન્દ્રીયમંત્રી અશ્વિની વૈષ્ણવ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.  જ્યારે રાજ્યના કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂત સાણંદ ખાતે સીજી પાવરના OSAT ફેસિલિટીના ખાતમુહૂર્ત પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે સાણંદના  સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટમાંથી  પ્રથમ ચિપનું ઉત્પાદન ડિસેમ્બર 2024 સુધીમાં  કરવામાં આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે સેમીકન્ડકટર જેવા ઉભરતા ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે અલગ સેમીકન્ડકટર પોલીસી બનાવનારું ગુજરાત પ્રથમ રાજ્ય છે. ધોલેરા અને સાણંદમાં સ્થપાનાર  બંને યુનિટોથી રોજગારીના અવસરો ઉભા થશે, તેમ તેમણે જણાવ્યું હતું.

-------

# PM- SURAJ PORTAL- DISTRICT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વર્ચ્યુઅલી સમગ્ર દેશમાં "સામાજિક ઉત્થાન તથા રોજગારલક્ષી લોક કલ્યાણ વેબ પોર્ટલ- એટલે કે પીએમ સૂરજ પોર્ટલ નો શુભારંભ કરાવ્યો.

દેશના 522 જેટલા જિલ્લાઓ આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલી જોડાયા હતા. કાર્યક્રમનો ઉદ્દેશ સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગને મુખ્ય ધારામાં લાવવાનો અને તેમને વિવિધ સરકારી યોજનાઓ થકી લાભાન્વિત કરવાનો છે.

પ્રધાનમંત્રીએ વિડિયો કોન્ફરન્સ દ્વારા અનુસૂચિત જાતિ, પછાત વર્ગ અને સફાઈ કામદારો સહિત સીમાંત જૂથોને લાભ આપતી વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે પણ વાતચીત કરી હતી.

આ શ્રેણીમાં આજે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં જે-તે મંત્રીઓ દ્વારા જિલ્લાકક્ષાના કાર્યક્રમ યોજાયા હતા.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં આજે ભાવનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો.

જામનગરમાં પીએમ સૂરજ પોર્ટલ અંતર્ગત મેયર વિનોદ ખીમસૂરિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભાન્વીત કરાયા.

સુરેન્દ્રનગર ખાતે કેન્દ્રીય મંત્રી ડો.મહેન્દ્ર મુંજપરા અને નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા, બોટાદ ખાતે કેબીનેટ મંત્રી કુંવરજી બાવળિયાની અધ્યક્ષતામાં, મહીસાગરમાં મંત્રી કુબેર ડિંડોર, વડોદરમાં વિધાનસભાના મુખ્ય દંડક બાલકૃષ્ણ શુક્લ, અને ગીરસોમનાથ જિલ્લામાં ધારાસભ્ય પ્રદ્યુમન વાજાના અધ્યક્ષસ્થાને પીએમ સૂરજ પોર્ટલ અંતર્ગત કાર્યક્રમ યોજાયા હતા.

-----

# CM – MORBI, HIMATNAGAR

રાજ્ય સરકારે શહેરી જનજીવન સુખાકારી માટે બે મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે.

મોરબી જિલ્લાની ટંકારા ગ્રામ પંચાયત સાથે બે ગ્રામ પંચાયતોને એકત્રિત કરીને ટંકારા નગરપાલિકા બનાવવાની મંજૂરી આપી, તેમજ હિંમતનગર નગરપાલિકામાં હિંમતનગરને અડીને આવેલા ૮ ગામોના સોસાયટી વિસ્તારો ભેળવીને નગરપાલિકાની હદ વધારવામાં આવી.

રાજ્ય સરકારના આ નિર્ણયથી  રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવતી ગ્રાન્ટ વિકાસ કામો માટે મળતી થશે અને આ સોસાયટી વિસ્તારો શહેરના અન્ય વિસ્તારો સમકક્ષ વિકાસ કામો પણ હાથ ધરી શકાશે.

.....................................

# TAPI GOVERNOR- MAHILA SAMELAN

મહિલાઓની ભાગીદારી તમામ ક્ષેત્રોમાં અગત્યની રહી છે, ત્યારે ખેડૂત મહિલાઓ પણ પ્રાકૃતિક ખેતી અપનાવે તે ખૂબ જરૂરી છે, તેમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે તાપી જિલ્લાના ઉચ્છલ ખાતે યોજાયેલ પ્રાકૃતિક કૃષિ મહિલા સંમેલનમાં આ મુજબ જણાવ્યું હતું.

રાજ્યપાલે આ પ્રસંગે તાપી જિલ્લાની મહિલા ખેડૂતો સાથે પ્રાકૃતિક ખેતી અંગે સંવાદ સાધ્યો હતો, અને  પ્રગતિશીલ ખેડૂત મહિલાઓને પ્રમાણપત્ર આપી સન્માનિત પણ કર્યા હતા.

આ પ્રસંગે રાજ્યપાલે દેશી ગાયનું પાલન કરવા પણ ખાસ અનુરોધ કર્યો.

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીના કુલપતિ, સુમુલ ડેરી સુરતના ચેરમેન, એકતા ચેરીટેબલ ટ્રસ્ટ પરિવારના ટ્રસ્ટીઓ, તેમજ મોટી સંખ્યામાં મહિલા ખેડૂતો હાજર રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# Bharat Vikas Diary- Episode - 23

પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા આજે રાત્રે આઠ વાગે પ્રસારિત થનાર “ભારત વિકાસ ડાયરી” કાર્યક્રમના ત્રેવીસમા અંકમાં ગાંધીનગર લોકસભા વિસ્તારના વિકાસની ગાથા રજુ કરવામાં આવશે.

. . . . . . . . . . . .

# CM - Youth Olympic

**યુથ ઓલિમ્પિક ૨૦૨૯ અને ઓલિમ્પિક ૨૦૩૬ માટે ગુજરાતની યજમાનીની સજ્જતા અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને આજે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઇ ગઈ.**

મુખ્યમંત્રી સહિત રમત-ગમત રાજ્યમંત્રી અને રમત-ગમત અગ્ર સચિવ તથા વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. સરદાર પટેલ રિંગરોડની પશ્ચિમ તરફ ઔડાના ડી.પી.માં સૂચિત ૯૦ મીટર પહોળા રીંગરોડ તથા બોપલ-પલોડીયાના ૩૬ મીટર રોડની આસપાસના મણિપુર, ગોધાવી, ગરોડીયા વિસ્તારોમાં નોલેજ એન્ડ સ્પોર્ટ્સ કોરિડોર નિર્માણ કરવા બાબતે પણ આ બેઠકમાં વિચારણા થઈ હતી.

ઓલમ્પિક ૨૦૩૬ના આયોજન સંદર્ભે રાજ્ય સરકારના સંબંધિત વિભાગો અને ઔડા દ્વારા ગોધાવી વિસ્તારમાં થોડા સમય પૂર્વે જમીન અંગે સર્વે કરવામાં આવ્યો હતો તેની જાણકારી મુખ્યમંત્રીને આ બેઠક દરમિયાન આપવામાં આવી હતી.

....................................

## CAA JAHERNAMU - PRATIBHAV

કેન્દ્ર સરકારે નાગરિકતા સંશોધન કાયદાનું જાહેરનામું બહાર પાડતા ત્રણ પડોશી દેશોના લઘુમતીઓ હવે ભારતીય નાગરિકતા મેળવી શકશે.

આજે સુરત પશ્ચિમ વિધાનસભાના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદી સિંધી સમાજના લોકોને મળવા પહોંચ્યા હતા અને તેઓ મીઠાઈ ખવડાવીને ખુશી વ્યક્ત કરી હતી.

વધુમાં પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદીએ આ મુજબ જણાવ્યું હતું....

( બાઈટ- પૂર્ણેશ ભાઈ મોદી, ધારાસભ્ય અને પૂર્વ મંત્રી)

------------

## KHEDA – DAK SAMUDAY

ખેડા જિલ્લા સાંસદ અને કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં ડાક સમુદાય વિકાસ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

ડાક સમુદાય વિકાસ કાર્યક્રમમાં મંત્રીશ્રીના હસ્તે પોસ્ટ વિભાગની વિભિન્ન યોજનાના લાભાર્થીઓને સુકન્યા સમૃદ્ધિ પાસબુક, પોલીસી સર્ટિફિકેટ વિતરણ કરવામા આવ્યા.

આ પ્રસંગે કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું કે પોસ્ટ વિભાગ દ્વારા શરૂ કરેલ વિભિન્ન યોજનાઓ, સેવાઓ અને પોસ્ટ બેન્ક સેવાઓથી પોસ્ટ વિભાગનું વર્ક કલ્ચર બદલાયુ છે. દેશમાં 8.5 કરોડ લોકો ઈન્ડીયન પોસ્ટ પેમેન્ટ બેન્ક ખાતા ધરાવે છે જેમાં 50% જેટલા ખાતાધારકો મહિલાઓ છે. ગ્રામિણ પોસ્ટ વીમા યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના અને

મહિલા સેવીંગ સન્માન સર્ટિફીકેટ દ્વારા મહિલા સશક્તિકરણની દિશામાં પોસ્ટ વિભાગ દ્વારા સચોટ કામગીરી કરવામાં આવી છે.

ઉપરાતં મંત્રીશ્રીએ ખેડાના પોસ્ટ વિભાગને ફક્ત 48 દિવસમાં 1 લાખથી વધુ લોકોને અંત્યોદય શ્રમિક સુરક્ષા વીમો આપવા બદલ અભિનંદન આપ્યા હતા.

-------------------

## KANU DESAI- lokarpan

રાજ્યના નાણાંમંત્રી કનુ દેસાઈએ વાપી ખાતે વાપી નગરપાલિકાના ૩૯ કરોડ ૩1 લાખ રૂપિયાના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહુર્ત કર્યા.

જેમાં ૩૧ કરોડ ૮૨ લાખ રૂપિયાના ૨૦ કામોનું લોકાર્પણ, અને ૭ કરોડ ૪૯ લાખ રૂપિયાના ૬ કામોના ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. મંત્રીશ્રીએ વર્ચ્યુઅલી તકતીઓનું અનાવરણ કરી વિવિધ વિકાસકાર્યોની વાપી વાસીઓને ભેટ આપી હતી.

મંત્રી શ્રી દેસાઇએ જણાવ્યું કે વાપીને આ વિકાસકામોનો લાભ મળતાં વાપીનો અવિરત વિકાસ થવામાં સહયોગ મળી રહેશે.

...................................

## National President - SOU VISIT

નરેન્દ્ર મોદી વિકાસ મિશનના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. વિનોદ કુમાર વિદ્યાર્થીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી. ઉપરાંત તેમની સાથે હાજર ટીમે જંગલ સફારીની પણ મુલાકાત લીધી હતી. રાષ્ટ્રીય અધ્યક્ષ ડો.વિનોદ કુમાર વિદ્યાર્થીએ સ્ટેચ્યુ ઓફ યુનીટી ખાતે સરદાર પટેલની પ્રતિમાને નિહાળી અભિભૂત થયાં અને જણાવ્યું કે આ અલૌકીક પ્રતિમા દેશ અને વિશ્વના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે.

.....................................